
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ ફાગણ

## ભજન બિનું જીવિત જૈસે પ્રેત

લે. પ. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા.

ભજન બિનું જીવિત જૈસે પ્રેત,
મલિન મંદમતિ ડોલત, ઘર ઘર ઉદર ભરન કે હેત.
ભજન બિનું જીવિત જૈસે પ્રેત...

દુર્મુખ વચન બકત નિત નિંદા,
સજ્જન સકળ સુખ દેત;
કબહુ પાવક પાવત પૈસો, ગાઢે ધુરિમેં દેત–(ભજન)
ગુરુ બ્રહ્મન અચુત જન સજ્જન,
જાત ન કવણ નિવેત;
સેવા નહીં પ્રભુ તેરી કબહુ, ભુવન નીલકો ખેત–(ભજન)
કથે નહીં ગુન ગીત 'સુજસ' પ્રભુ,
સાધન દેવ અનેત;
રચના–રસ બિગારો કહાં લોં,
બૂડત કુટુંબ સમેત–(ભજન)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૧ ] માર્ચ : ૧૯૮૪ [ અંક : ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સામાયિક ને સાધર્મિક ભક્તિ તો પુણીયા શ્રાવકનીજ | ડૉ. ભાયલાલ એમ. બાવીસી | ૬૫ |
| (૨) | અપુનર્બંધક જીવ કેવો હોય ? | પ. પૂ. આચાર્યદેવ વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મ. સા.ના વ્યાખ્યાનમાંથી | ૬૭ |
| (૩) | ભક્તિ વગર મુક્તિ નથી | શાસ્ત્રી રમેશ લાલજી–ગાલા | ૬૮ |
| (૪) | પ્રગતિ, પ્રામાણિકતા, પુરૂષાર્થ | મુનિશ્રી વાત્સલ્યદીપ | ૭૦ |
| (૫) | સરી પડેલ મોતીની માળા | — | ૭૨ |
| (૬) | જ્ઞાન | રતિલાલ માણેકચંદ શાહ | ૭૫ |
| (૭) | મોક્ષ સુખ | હિન્દી :- ગુ. અનુવાદક પી. આર. સલોત | ૭૮ |


પંચમી પૂજા ફૂલની, છૂટાં કુસુમ સમૂહ;
પૂજે શ્રી અરિહંતજી, પ્રગટે ચિત્ત ગુણવ્યુહ,
પંચબાણ પીડે નહિ, જે કરે પંચમી પૂજ;
રત્નત્રયને તે વરે, મોહ વછૂટે ધ્રૂજ.
વારે મિથ્યા વાસના, ચુરે પુદ્ગલ વ્યાધિ;
પૂરે વાંચિત કામના, થાએ પૂર્ણ સમાધિ.
ચેતનતા નિર્મળ હુએ, પામે કેવળજ્ઞાન;
યશ સુવાસ જગ વિસ્તરે, લહે નિર્વાણ સુધાના.

—શ્રી મેઘરાજ મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ ફાગણ : માર્ચ-૧૯૮૪ [ અંક : ૫

સામાયિક ને સાધર્મિક ભક્તિ તો —

# પુણીયા શ્રાવકજીજ

લે. ડૉ. ભાયલાલ એમ. બાવીસી

આપણી ધર્મક્રિયાઓમાં અને શ્રી જૈન સમાજમાં શ્રી પુણિયા શ્રાવકનું નામ ઘણું જ પ્રચલિત અને પરિચિત છે એ સૌ કોઈ જાણે છે. ખાસ તો એમની 'સામાયિક' અને સાધાર્મિક ભક્તિ માટે.

અમે કેટલાક મિત્રો 'ભાવસારની ધર્મશાળા'માં તેમજ ટ્રસ્ટીઓએ સામાયિક માટે જ કાઢી આપેલ એક રૂમમાં દર રવિવારે રાત્રે 'સામાયિક' કરીએ છીએ, એકવાર અમારા પંડિતજીએ 'સામાયિક' સમયે શ્રી 'પુણિયા શ્રાવક'નું દૃષ્ટાંત આપ્યું. અને એના જેવી 'સામાયિક' અને 'સાધર્મિક ભક્તિ' કરવા અનુરોધ કર્યો એટલે 'શ્રી પુણિયા શ્રાવક' વિષે વિશેષ જાણવાની વાચકોને ઈચ્છા થાય એ સ્વાભાવિક છે એટલે શ્રી 'પુણિયા શ્રાવક' વિષે થોડું જણાવું.

'શ્રી પુણિયાજી' એક બારવ્રત ધારી શ્રેષ્ઠ શ્રાવક હતા અને રાજગૃહિમાં રહેતા હતા એમને ધનનો બહુ મોહ રહયો નહિં 'રૂની પુણિયો' બાંધી એવા નિર્દોષ ધંધા દ્વારા પોતે સાડાબાર દોકડા તે જમાનામાં રાખતા અને પોતાના કુટુંબનો જીવન-નિર્વાહ ચલાવતા એટલું જ નહિ પરન્તુ સાથોસાથ એક સાધર્મિક ભાઈને પણ હંમેશા જમાડીને પોતે જમતા હતા. કોઈવાર એવું પણ બનતું કે ભક્તિ કરતા કોઈકવાર પોતાને અથવા પોતાની પત્નિને ઉપવાસ કરવો પડતો. પરન્તુ કદી સાધાર્મિક ભક્તિ કરવાનું ચૂકતા નહિં પોતે ઘણા જ નીતિવાન અને સમ્યક્ત્વી હતા. નીતિને પોતે ધર્મનો પાયો સમજતા. સદાચાર અને સંસ્કારને જીવનનું અમૃત ગણતા. "પરધન પત્થર સમાન" એ સુત્રાનુસાર જીવન જીવતા અને કોઈવાર કોઈ પ્રકારે કોઈની પણ કોઈ વસ્તુ પોતાના ઘરમાં ન આવી જાય એની કાળજી રાખતા. આ લખાણ લખતી વખતે એમના જીવનનો એક પ્રસંગ યાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી જાય છે અને એમાં વાચકોને રસ પડશે એમ માની આલેખું છું.

એકવાર શ્રી 'પુણિયાજી' હંમેશના ક્રમ મુજબ 'સામાયિક' લઈને બેઠા પણ તેમનું મન 'સામાયિક'મા ચોંટયું નહિં 'સામાયિક'માં તો હંમેશા તેમના મનને સમતા પ્રાપ્ત થતી પણ આજે ચંચળતા અનુભવવા લાગ્યા તેમને 'સામાયિક'માં આત્મભાવ અનુભવાતો તે અનુભવ્યો નહિં. એટલે તેમને શંકા પડી કે ગમે તેમ આજે મ્હારૂં મન 'સામાયિક'માં આત્મભાવ કેમ અનુભવતું નથી તો જીવનમાં કોઈ દોષ કે ભૂલ થયેલ હોય ! ભલે મારાથી કે મારા પત્નીથી !

એટલે પોતાના જીવનની દિનચર્યા તપાસી–સવારના ઉઠવાથી માંડી 'સામાયિક' લીધા સુધીમાં પોતે મન--વચન--કાયાથી કોઈ દોષ થયો હોય તે તપાસી જોયું. પણ એ દરમ્યાન કોઈ દોષ પોતાનો જણાયો નહિં. એટલે શ્રી પુણિયાજીએ પોતાની પત્નીને બોલાવી વાત કરી કે આજે મારૂં મન 'સામાયિક'માં હંમેશની જેમ એકરસ થતું નથી. આત્મભાવ અનુભવતું નથી. એટલે આપણો કોઈક દોષ થયો હોવો જોઈએ

મેં તો મારી દિનચર્યા તપાસી જોઈ પણ કોઇ દોષ જણાતો નથી. તો તમે પણ તમારી અત્યાર સુધીની દિનચર્યા તપાસી જુઓ કે કોઇ દોષ તો થયો નથીને ? કોઈ ભૂલ આજે થઇ ગઇ નથી ને ?

શ્રી પુણિયાજીનાં ધર્મ પત્ની પણ પુણિયાજી જેવાજ નીતિવાન અને શ્રદ્ધાળુ હતા. તેમને પણ જણાયું કે કોઈ દોષ થયો હોવો જોઈએ નહિં તો સમતાભાવ 'સામાયિક'માં પ્રાપ્ત થાય જ એટલે તેણે પણ સવારથી માંડી અત્યાર સુધીની દિનચર્યાનું નિરીક્ષણ કરી જોયું. એને એક વાતમાં ભૂલ થયેલ જણાઇ, કે રસોઇ માટે છાણાં લેવા ગયેલ ત્યારે એક છાણાં માટે શંકા થયેલ કે તે છાણું પોતાનું છે કે પાડોશણનું ? કારણકે પોતાનું અને પાડોશણનું મોઢવું બાજુબાજુમાં હોઇ, તે છાણું પોતાનું છે કે પાડોશણનું એ નક્કી કરી શકેલ નહિ એટલે એ છાણું પણ લઇ લીધું અને રસોઇ બનાવી તે છાણું કદાચ પોતાનું નહિ પણ પાડોશણનું હશે એટલે એ અણહકનું છાણું વાપર્યું અને એ રસોઇ જમી પોતાના પતિ 'સામાયિક' કરવા બેઠા એટલે 'સમતા-ભાવ' લાધ્યો નહિ હોય ! એમ વિચારી આ બધી હકીકત પોતાના પતિને કરી.

શ્રી પુણિયાજી સમજી ગયા કે 'અણહકનું છાણું' વાપરવાથી સમતાભાવ–આત્મભાવ લાધ્યો નહિ હોય એટલે તમણે પોતાની પત્નીને પાડોશણનું છાણું (પોતાના છાણાંમાંથી એકાદ) પાછું આપવા, થયેલ ભૂલ માટે ક્ષમા માંગવા, અને ભવિષ્યમાં કોઈ આવો દોષ નહિ થાય એવી ખાત્રી આપવા આદેશ આપ્યો.

શ્રી પુણિયાજીની પત્નીને આ વાત યોગ્ય લાગવાથી, પાડોશણને ત્યાં ગયા અને શ્રી પુણિયાજીની સલાહ પ્રમાણે અક્ષરશઃ કર્યું પછી પુણિયાજી 'સામાયિક'માં બેઠા અને સમતાભાવ જાણે એને શોધતો આવ્યો તેમ સહજભાવે તેને આત્મભાવ લાધ્યો અને સમતામાં પોતે જાણે ખોવાઇ જાય એમ એકરસ બની ગયા.

વાચકો સૌ જાણતા હશે કે 'સમતાભાવ' એ સર્વગુણોનો સરવાળો છે જો 'સમતા' ન હોય તો 'રાગદ્વેષ' મનમાં દાખલ થઈ જાય છે કષાયો પણ 'ક્રોધ--માન--માયા--લોભ' પણ મનનો કબજો લઇ લે છે. દિલની શાન્તિ હરી લે છે. 'સામાયિક' કરનાર વ્યક્તિ હંમેશા સદાચારી અને સંસ્કારી હોય છે. પણ ભૂલમાં પણ 'અનીતિ' આચરાઈ જાય તો આત્મા 'શાન્તિ' અનુભવતો નથી, મન સ્થિર રહેતું નથી દિલમાં 'શાંતિ સમતા' જણાતી નથી.

એ વાત કદી ભૂલવી જોઈએ નહિ કે, ભગવાન મહાવીર સ્વામીજીએ પણ 'પુણિયા શ્રાવક' ની 'સામાયિક' અને 'સાધર્મિક ભક્તિ' વખાણી છે. તો એ દષ્ટાન્તને અનુભવી–અનુસરી, 'સામાયિક મંડળ' ના સૌ સભ્યો પણ 'સામાયિક' ને 'સાધર્મિક ભક્તિ' માં રચ્યા--પચ્યા રહી 'શ્રી પુણિયાજી' ને અનુસરે અને 'સમતા' ભાવ કેળવે જે 'સામાયિક' કરવાનું ધ્યેય હોય છે જય 'સામાયિક' ! જય 'સાધર્મિક ભક્તિ' !!! જય મહાવીર !!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપુનર્બંધક જીવ કેવો હોય?

પ. પૂ. આચાર્યદેવ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ના વ્યાખ્યાનમાંથી

**પાયં ન તિવ્વભાવા કુણઈ**
**ન બહુમન્નઇ ભવં ઘોરં ।**
**ઉચિયં ઠિઈં ચ સેવઈ**
**સયા ઽ પુણબંધગો જીવો ॥**
**યોગ દૃષ્ટિ–સમુચ્ચય**

**અર્થાત :–**

તે જીવ (૧) તીવ્રભાવે પાપ ન કરે,

(૨) ઘોર સંસાર પર બહુમાન ન કરે,

(૩) સદા ઉચિત સ્થિતિનું પાલન કરે,

એવો અપુનર્બંધક જીવ હોય છે.

ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે પણ અમૃતવેલિની સજ્ઝાયમાં આનો અનુવાદ કર્યો છેઃ

**" પાપ નવિ તીવ્ર ભાવે કરે,**
**જેહને નવિ ભવ રાગ રે,**
**ઉચિત સ્થિતિ જેહ સેવે સદા,**
**તેહ અનુમોદવા લાગ રે,**
**ચેતન જ્ઞાન અજવાળિયે.**

આમાં પણ ઉચિત સ્થિતિ યાને **ઔચિત્ય** સેવવાનું કહ્યું ત્યારે અહીં યોગદૃષ્ટિ શાસ્ત્રના પદાર્થમાં પ્રવૃત્તિ પણ ઔચિત્યપુર્વક કરવાનું કહે છે.

આ સૂચવે છે કે જીવનમાં **ઔચિત્યપાલન** કેટલું બધું જરૂરી છે. ઔચિત્ય ક્યા ક્યા જાળવવાનું ? 'સર્વત્ર' જીવનના બધાજ ક્ષેત્રમાં

આપણા બોલ, આપણી મુખમુદ્રા, આપણો જીવનવ્યવસાય, આપણી ચાલ, આપણા વ્યવહાર અને સૌના સાથેના આપણા સંબંધ વગેરેમાં બધે ઔચિત્ય નહિ ચૂકવાનું.

**દૃષ્ટાંત :–**

બહુ વર્ષો પૂર્વે કલકત્તામાં એક ૩૦ વરસની ઉંમરનો યુવાન રહે તેને એક મોડી સાંજે અંધારૂં થયે તેની ૧૦ વરસની બેબી કહે:

"બાબુ! અંધારૂં થયું ને હજી દીવો નથી કર્યો?

બસ, આટલાજ બોલ ઉપર એ યુવક વિચારમાં પડી ગયો. "આ બેબી શું કહે છે ? હજી દીવો નથી કર્યો ?

ખરેખર આ જિંદગીના ૩૦, ૩૦, વરસ પ્રભુના ભજન વિના મોહમાયાની વેઠમાં–એટલે અંધારામાં વહી ગયા. આત્માનું કશું હિત સાધ્યું નહિ હજી ભગવદ્ ભજનનો દીવો નથી કર્યો ? તો આત્મહિતનું અજવાળું ક્યારે કરવાનું ?

બેબીના કહેવા મુજબ તેણે બાહ્યદીવો તો સળગાવ્યો પણ અંતરમાં દીવો કરવાની લગન ઉભી કરી પછી યુવાને પત્નીને કહ્યું,

"સાંભળ્યું ? આ બેબી શું કહે છે ? અંધારૂં થયું હજી દીવો નથી કર્યો ?"

આ ઉત્તમ મનુષ્ય–જન્મમાં મોહ–માયાના અંધારપટમાં ૩૦, ૩૦ વરસ નીકળી ગયા હજી ભગવદ્ ભજનનો દીવો નથી કરવો ?

પત્ની પણ આર્યદેશ, આર્યકુળની હતી તેણે કહ્યું, "જરૂર દીવો કરવો છે,"

પતિ કહે, "ક્યારે ?"

( અનુસંધાન પાના નં. ૬૯ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભક્તિ વગર મુક્તિ નથી



-: લેખક :-
શાસ્ત્રી રમેશ લાલજી-ગાલા
લાયની-મોટા

વિશ્વમાં જયાં નજર કરા ત્યાં અકસ્માત, ખુન, બળવાખોર, બળાત્કાર વગેરે અનેક અનર્થો રોજ-બરોજ થતાં જોવાય છે એ બધા અનર્થોનું મુખ્ય હેતુ પાંપોદય છે જયાં સુધી જીવનમાં પાપનું પ્રમાણ વધતું જાય ત્યાં સુધા જ આવા અનર્થોનું દર્શન થયા કરે છે પછી ભલે સંસારી હોય કે ત્યાગી જીવન એ એક વૃંદાવન છે આપણે ધારીએ તા સુખ મેળવી શકીએ અને ધારીએ તા દુઃખના ડુંગરો જોઈ શકીએ કારણ ઠંડી અને ગરમી બંને પ્રકારના વાતાવરણ પવિત્ર વૃંદાવનમાં હોય છે.

આજે કેટલાંકાને રહેવા માટે સુંદર મકાન, દેવી જેવી સુંદર પત્ની, અમરકુમાર અને શાલિભદ્ર જેવા પુત્રો, અને ખાવા-ભોગવવા માટે બત્રીશ ભોજનની વાનગીઓ હોવા છતાં જીવો દુઃખી છે કારણ આ સુખ ક્ષણિક સુખ છે જો શાશ્વતું સુખ જોઈતું હોય તો જિનેશ્વરની ભકિત એ પછી જે સુખ મળે તે સુખ અનંત કહેવાય છે બાકીના ભૌતિક સુખ તો પાણીના પરપોટા જેવું છે કયારે દુઃખ આવી પડે એ કહી શકાતું નથી એટલે જ સાંસારિક સુખોથી જીવ સુખા હોવા છતા દુઃખી છે એટલે જ આ દુઃખી જીવોને જોઈ સુજ્ઞો પોકારી પોકારી કહે છે કે... હે પામર! તું સત્ વસ્તુને છોડી અસત્ ને પકડે છે એટલે સમજી લે કે અસત્ તો તારાથી દુર જ છે ઉપરાંત સત્ વસ્તુ પણ દુર રહેશે તું મોહમાયા રૂપ ભ્રામક ઝાળમાં ફસાઈ તારા જીવનને જ ઊંડા ખાડામાં નાખે છે જો હજી સમજીશ તો પણ તારા માટે પરમ શાંતિનું સ્થાન સુલભ થશે ચેત-ચેત-હે દુઃખી જીવડા! સમજીશ તો કાંઈક તત્વને પામીશ, સ્વર્ગ અને નરકના પવનને જાણ્યા છતાં અનંત ભવોથી આ દુઃખદાયક સંસારમાં ભટકી રહયો છે હજી પણ ચેતીશ નહિં તો સંસાર રૂપ મહાટવીમાં રખડયા કરીશ તું કેવો ભાગ્યશાળી કે તને આર્યક્ષેત્ર, જૈન ધર્મ જૈનકુળ વગેરે અનેક લબ્ધિઓ એક સાથે સાંપડી છે છતાં જો ન વિચારીશ તો કોઈ કાળે તારો છુટકારો થશે નહિં હજી બાજી તારા જ હાથમાં તું જે કાંઈ ઇચ્છીશ તે બધું અત્યારે કરી શકીશ અને થોડાક સમયમાં પણ મેળવી શકીશ.

વળી હે સુજ્ઞ! ધર્મ વૈદ્ય છે માર્ગમાં મિત્ર છે અને દુઃખમાં સાથી છે એટલે જ કહેવાયું છે કે...

**आदौ धर्म : ग्रहणीयम्, अंतेऽपि च ।**
**आपदौ विपदौ वा धर्म : न त्यक्तव्यम् ॥**

ખરેખર ધર્મ મુકિત અપાવનાર મહામુલ્ય સાધન છે એ સાધન ઉપર કાટ ન ચડી જાય એટલા માટે પળે પળે ધર્મનું ચિંતન કરી જિનેશ્વરે પ્રરૂપેલ વચનો પર શ્રધ્ધાવાન થઈ જૈનધર્મી બની અષ્ટ કર્મોથી દૂર રહેવા ઉધમશીલથા કારણ કાચ ચડેલ વસ્તુનું જલ્દીથી પતન થાય છે તેમ ધર્મ વગરના જીવોનું પણ તત્કાળે પતન થાય છે.

જીવનું ઉર્ધ્વગમન કરવા જો કોઇ તરતનો ઉપાય હોય તો સદ્ધર્મ એ ધર્મના શાસ્ત્રમાં મુખ્ય બે ભેદ બતાવ્યા છે શુધ્ધ અને વિશુધ્ધ તેમાં જિન-વચનાનુસાર ધર્મકરણી કરે છે તે શુધ્ધ ધર્મ અને ફકત બતાવવા પુરતું એટલે કે જો હું ધર્મ ન કરીશ તો લોકો મને શું કહેશે? ખરેખર હું ધર્મ કરીશ તો મને યશ, કીર્તિ ધન વગેરે મળશે. એવી ભાવનાથી જે ધર્મ કરે છે તે વિશુધ્ધ અથવા નઠારો ધર્મ કહેવાય. બીજા પ્રકારનું ધર્મ જીવને અધઃપતન કરાવે છે. શાસ્ત્રકારો કહે છે કે નઠારો ધર્મ કરવા કરતાં ધર્મ ન કરવો સારો પણ જીવને





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાધારૂપ વિશુધ્ધ ધર્મ ભુલેચુકે પણ ન આદરવું. આચરવું જોઈએ

આજના ભૌતિક યુગમાં માનવી માણસાઈ છોડી પશુ જેવું જીવન જીવી રહયો છે કેમકે દિવસે પૂજા-સેવા-ભકિત-ધ્યાન વગેરે સત્કાર્યો કરે છે અને એજ રાત્રે કાંદા, બટાટા, ભેલ વગેરે ખાઇ ધર્મને કલંક લગાડે છે. તો એ શું શ્રાવક કહેવાય ? શ્રાવક તો તેજ કહેવાય કે ૨૧ ગુણોથી યુકત હોય, જિનવચનો ઉપર પુરેપુરો શ્રધ્ધાવાળો હોય, આજે આવો શ્રાવક ક્યાંય દેખાશે નહિં આજે માનવતાનાં સદ્દગુણો જે હોવા જોઇએ તે બળીને ખાખ થયા છે એની જગ્યાએ દુશ્મનાવટ, ઠગાય વગેરે દુર્ગુણોએ સ્થાન લીધેલ છે આ કારણે જ સૌ સત્યને છોડી અસત્ય તરફ દોડે છે અને એ અસત્યના કારણે ધાર્મિક વગેરે સત્કાર્યોમાં પણ બે નંબરનું ધન ખર્ચવામાં કોઈ જાતની કમી દેખાતી નથી.

જ્ઞાનીઓ કહે છે કે સ્વ અને પરનું કલ્યાણ કરવા માટે શુભ કાર્યોમાં હમેશાં નીતિનું ધન ખર્ચવું જોઈએ કારણ કે ધાર્મિક પ્રવૃતિઓમાં ન્યાયથી વપરાયેલું ધન ઉત્તમ ફળ આપનાર થાય છે એટલું જ નહિં પણ દેવ ગુરૂ અને ધર્મ ઉપર અત્યંત શ્રદ્ધા વધે છે અને એ શ્રદ્ધાના બળથી માનવજીવનમાં ભકિતનો ધોધ વહેવા માંડે છે એ ભકિતના બળથી અનેક ભવોથી બંધાયેલા અશુભ કર્મો તુટવા માંડે છે અને શુભ કર્મો બંધાય છે એને લીધે જ માનવ મહામાનવ બની શાશ્વત સુખોનો ભોકતા બને છે.

( અનુસંધાન પાના નં. ૬૭નું ચાલુ )

પત્ની કહે, "તમે કહો ત્યારે"

પતિ કહે, સારામાં સો વિઘ્ન. માટે આવતી કાલે જ અહિંનું મૂકી દઇ વૃન્દાવનમાં જઈ જીવન ભગવદ્ ભજનમાં જ ગાળીએ.

બસ, બીજી સવારે બધી મિલ્કત, ધર્માદા કરી ત્રણેય ગયા વૃન્દાવનમાં ભગવદ્ ભજનમાંજ જિંદગી પસાર કરી,

## રાજા ગુણસેનમાં ઔચિત્ય :

સમરાદિત્ય કેવળી પૂર્વના પહેલા ભવમાં રાજા ગુણસેન, રાજ્ય છોડી, ભાવથી સંસારનો ત્યાગ કરીને ધ્યાનમાં બેઠા છે ત્યાં દુશ્મન બનેલ અગ્નિશર્મા-તાપસ દેવ થઈ, અહીં આવી ગુણસેન ઉપર અગ્નિમય રેતીનો વરસાદ વરસાવે છે. ત્યારે ગુણસેન વિચારે છે.

આ જીવનમાં પેલા તાપસને મારા કારણોના નિમિત્તે ત્રણવાર પારણું અટકયું તે અનુચિત કાર્ય થયું આ સિવાય આ જીવનમાં કશું અનુચિત આદર્યું નથી મને પરમદયાળુ ગુરુદેવ મળ્યાં અને સંસારમાં અતિ. અતિ દુર્લભ એવો જૈન ધર્મ પમાડયો જિનવચન પમાડયા તો હવે હે જીવ ! ઉપશમ ભાવજ આદરવાનું કહેનારા આ અમૃતસમા જિનવચનને પામેલા જીવનને સફળ કરજે"

આ ઉપરથી જીવનમાં ઔચિત્યની જરૂરિયાત કેટલી છે-તે સમજાશે.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રગતિ, પ્રામાણિકતા, પુરુષાર્થ

## મુનિ શ્રી વાત્સલ્યદીપ

પ્રગતિ સૌને પ્રિય હોય છે.
પ્રગતિને પણ સૌ પ્રિય હોય છે.

કિંતુ પ્રગતિ દરેકને પ્રાપ્ત થઇ જતી નથી. પ્રગતિ અને માનવીની વચમાં પુરૂષાર્થની મજબૂત સાંકળ રચાવી જોઈએ. પુરુષાર્થથી જે મળે છે તેમાં મેળવ્યાનો આનંદ હોય છે. કદાચ નિષ્ઠાપૂર્ણ પુરૂષાર્થ પછી પણ સિદ્ધિની પ્રાપ્તિ ન થાય તો શોક નહિ જાગે. કેમ કે જે મહેનત કરી હતી એની નિષ્ઠામાં પોતાને સાંત્વના મળે છે. સફળતા પુરુષાર્થીના કદમ ચૂમે છે.

પુરુષાર્થ અને તે પણ પ્રમાણિક પુરુષાર્થ. આઝાદી મેળવ્યા પછી લોકો વધુમાં વધુ સ્વતંત્ર થતા જતા હોય તો એ પ્રામાણિકતાથી છે. નીતિનો સૂર્યાસ્ત થાય ત્યારે ભાગ્યનો મેરુ ઢળી પડે. દેશ અને દુનિયા પ્રામાણિકતાના માર્ગને આંતરીને ચાલવા ઈચ્છતા હોઈ ત્યારે એ મૂળ સંસ્કારધનને લોકોની સમક્ષ વ્યાપક સ્વરૂપે ધરવું રહ્યું.

પ્રગતિ, પુરુષાર્થ, પ્રામાણિકતા આ-ત્રણેય એક સાંકળના અંકોડા છે.

જાપાનની એક ઘટના સાંભરે છે. એક ફુલ જેવો નાનકડો બાળક રોજ શાળાએ જાય સાંજના વખતે ઘર તરફ પાછો આવી રહયો હતો, ત્યારે એણે રસ્તામાં રૂપાનો સિક્કો પડેલો જોયો. બાળક સહજ કુતૂહલતાથી એ સિક્કો ઉઠાવી હાથમાં મસળ્યો, ત્યાં માતાએ શિખામણના કહેલા બે શબ્દો યાદ આવ્યા,

'બેટા, કોઈ દિવસ મહેનત વગરનું મેળવવાની વૃત્તિ રાખવી નહિ. રસ્તામાં પડેલી કોઇ વસ્તુ લેવી નહિ અને જો કોઇ કિંમતી વસ્તુ મળે તો તે પોલીસને સોંપી દેવી.'

આ શબ્દોની સ્મૃતિએ બાળકને સચેત બનાવી દીધો. પોલીસ થાણા પર પહોંચીને ફરજ પર હાજર રહેલા ફોજદારને કહ્યું

'સાહેબ, મને આ સિક્કો રસ્તામાંથી મળ્યો છે. મહેરબાની કરીને તે આપ લઈ લો.'

ફોજદાર નાનકડા બાળકની પ્રામાણિકતાને જોઇને રાજી થઇ ગયો. કિંતુ એક નાની રકમને સરકારી તિજોરીમાં જમા કરવા માટે તેને આળસ થઈ. "આ બધી ભાંજગડમાં કોણ પડે" તેણે વિચાર્યું પેલા બાળકને સિક્કો પાછો આપતાં એણે કહ્યું.

'બેટા, આ સિક્કો તને ભેટ આપું છું. તારી પ્રામાણિકતાથી હું ખુશ થયો છું. આ લઇ જા અને તેની મિઠાઈ લઈને ખાજે.

બાળક તો સિક્કો લઈને ઘરે આવ્યો, માતાને તે આપ્યો બાળક પાસે તે જોઇને આશ્ચર્યમાં પડી ગયેલી માતાએ પૂછ્યું

આ કયાંથી લાવ્યો ?

બાળકે સઘળી વાત કહી એ સાંભળીને બાળકની માતા ફોજદારના વર્તન માટે ખિન્ન થઈ ગઈ. ઝડપથી ફોજદાર પાસે પહોંચીને ફરિયાદ કરી

'તમે મારા બાળકને અનીતિના રસ્તે શા માટે દોરો છો ? આજે તેને તમે મિઠાઈ ખાવા માટે સિક્કો આપ્યો. કાલે તેની પાસે પૈસા નહિ હોય ત્યારે કયાંકથી અણહકકનું મેળવી લેવા ઈચ્છશે. આમ તમે આડકતરી રીતે પ્રગતિને બદલે અધોગતિ તરફ નથી દોરતા ?'

એટલેથી ન અટકતાં તેણે પોલીસ ખાતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વડાને પણ આ બાબતમાં ફરિયાદ કરી. વડાએ ફોજદારને પૂછ્યું, ત્યારે ફોજદારે બચાવમાં કહ્યું :

'એ બાળકની પ્રામાણિકતા પર પ્રસન્ન થઇને મેં તેને એ સિક્કો ભેટ આપ્યો હતો.'

પોલીસ ખાતાના વડાએ તેને બરતરફ કરતાં કહ્યું :

'જો તમે તેની પ્રામાણિક્તા પર ખુશ થઇને સાચા અર્થમાં નવાજવા ઈચ્છતા હતા, તો તમારે પોતાના ખિસ્સામાંથી તેને સિક્કો ભેટ આપવો જોઇતો હતો, સરકારી નાણાં કોઇને ભેટ કરી દેવાનો કોઇને હકક નથી.'

આમ તો આ વાત બહુ નાની છે, પરંતુ એના વિચારબીજની ક્ષમતા મોટી છે, વિરાટ યાત્રાનો પ્રારંભ એક નાનકડા પગલાથી શરૂ નથી થતો !

પ્રામાણિક પુરૂષાર્થની બીજી બાજુ અંતરમાંથી ઉગતી નિષ્ઠા છે. નિષ્ઠાને વફાદારીના સંકુચિત અર્થમાં મૂલવી ન શકાય. પ્રગતિના માર્ગે સિદ્ધિ સુધી પહોંચવાના આ તો શાનદાર પગથિયાં છે. નિષ્ઠાના શહૂર વિના સાચી પ્રગતિ શક્ય જ ક્યાં છે?

અમેરિકાના પ્રમુખ હર્બર્ટ હૂવર યુનિવર્સિટીમાંથી ઈજનેર થઇને નીકળ્યા અને છાપામાં વાંચ્યું કે અમુક કંપનીમાં ઇજનેરની જગ્યા ખાલી છે. તે ત્યાં પહોંચ્યા, મેનેજરને નમન કરી તેણે કહ્યું :

'મને નોકરી આપશો ?'

મેનેજરે કહ્યું કે જગ્યા તો છે, પણ ઇજનેરની નહિ, ટાઈપિસ્ટની છે. !

હર્બર્ટે વિચાર્યું કે જો જગ્યા છે તો તેનો ઉપયોગ કેમ ન કરવો ? નિરર્થક બેસી રહેવું તેના કરતાં કાંઈક કામ કરવું સારું નહિ ? એણે મેનેજરને અરજી કરી. મેનેજરે કહ્યું ત્રણ દિવસ પછી આવજો. ત્રીજે દિવસે ઓફિસમાં ગયો અને કામે ચઢી ગયો.

એક વખત મેનેજર ફરતા ફરતા ત્યાં આવ્યો એણે જોયું, હર્બર્ટના આંગળાઓ કોઇ સિતારવાદકની અદાથી ટાઈપરાઈટર પર ફરી રહી હતી. મેનેજરે કહ્યું :

'મિત્ર, તમે તો ઇજનેર છો કે ટાઈપિસ્ટ. હર્બર્ટે કહ્યું ;

'સર, જે દિવસે હું આપને મળ્યો, તે દિવસે ગુરૂવાર હતો, ટાઇપરાઇટર મને ચલાવતા આવડતું નહોતું. બહાર નીકળીને તે ભાડે લીધું એના પર સખત મહેનત કરતો રહ્યો. મારી પ્રાર્થના અને મારો પુરૂષાર્થ બન્ને ફળ્યાં.'

પ્રગતિઇચ્છુકના જીવનમાં સતત પુરૂષાર્થ હોવો જોઇએ. પ્રમાદ ટાળવો જોઈએ, પ્રામાણિક્તા શ્વાસના તાલની સાથે વહેવી જોઈએ.

એવા લોકો પ્રગતિને પ્રિય હોય છે.

'પ્રબુદ્ધ જીવના' ના સૌજન્યથી


## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવુ છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામા આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમા પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર ( સૌરાષ્ટ્ર )




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 0 સરી પડેલ મોતીની માળા 0

( ગતાંકથી ચાલુ )

હું ખૂબજ ગરીબ દેખાઉં તે કરતાં પાર્ટીમાં ન આવું તેજ પસંદ કરવા યોગ્ય છે."

પતિએ કહ્યું, "તું થોડા પુષ્પો ધારણ કરે તો વધારે સુંદર લાગીશ. આ ઋતુમાં સરસ ફુલો મળે છે. વળી ખર્ચ પણ ઓછો."

શશિકલાનું મન ન માન્યું તેણે 'ના' કહી ગભ શ્રીમંત સ્ત્રીઓ વચ્ચે સસ્તા કપડા અને પુષ્પોમાં ઉપસ્થિત થવું–તે ખૂબ દુઃખમય છે.

તેજ વખતે તેનો પતિ હર્ષપૂર્વક બોલી ઉઠયો, "આપણે કેવા બુધ્ધિહીન છીએ! તારે તો શ્રીમંત સખી છે તેની પાસેથી થોડાં હીરા કે હાર લઈ આવ."

શશિકલા આનંદ વિભોર બની. "ખૂબજ સરસ. આ વિચાર મને આવ્યો જ નાહ."

બીજે દિવસે, પોતાની સખી પાસે પહોંચી ગઇ. વાતવાતમાં પોતાની જરૂરિયાત જણાવી દીધી, તરતજ તેની બહેનપણી કબાટમાંથી સુંદર ઝવેરાતની પેટી લઇ આવી. જાતેજ ઉઘાડી આપી. કહ્યું, "તારે જોવે તે પસંદ કરી લે." તેણે વિધવિધ સુવર્ણ અલંકારો નિહાળ્યા. માળાઓ જોઇ તેણે કબાટના અરિસા સમક્ષ માળા કંઠે લગાવી જોયું પણ મન ન માન્યું. સખિ તારી પાસે બીજા નથી ? સખીએ કહ્યું, "તું જાતેજ શોધી લે તને શું ગમશે તે મને કેમ ખબર પડે ?

શશિકલાએ એક શ્યામ રંગી મોતીની માળા શોધી કાઢી. તેનું હૈયું મસ્ત મયુર જેમ નાચી ઉઠયું. માળા કંઠે આરોપી અને ખૂબ ગમી.

બહેન ! આ ઉછીની આપી શકીશ ? ફકત આજ ?

"અરે ! જરૂર" પોતાની બહેનપણીને ભેટી પડી આભાર સહ મોતીની માળા લઇ રવાના થઇ.

પાર્ટીનો દિવસ આવી લાગ્યો. આજે પાર્ટીમાં સહુની નજર તેના પર ઝુમતી. સૌથી સુંદર, આનંદ સભર, મલકતી યુવતી સહુએ તેના નામની પૃચ્છા કરી સહુને તેની સાથે વાત કરવાનું દિલ થઇ આવતું પાર્ટીના સમય સુધી શશિકલાને પોતાના સૌંદર્ય સિવાય કશોજ વિચાર નહોતો આવતો, આજના વિજયે તેને ખુશખુશાલ બનાવી દીધી.

સવારના ચારના સુમારે ઘેર આવવા નીકળ્યા. મધ્યરાત્રિ બાદ તેનો પતિ અર્ધનિદ્રામાં હતો. તેણે પોતાની શાલ શશિકલાને ઓઢાડી તે જોતાજ તેનું હૃદય જલ્દી ઉપડી જવા આતુર બન્યું આવી શાલ કોઇ જુવે તો ?

તેના પતિએ કહ્યું " જરા ઉભી રહે હું ગાડી લઇ આવું પણ તેણે ગણકાર્યું નાહ. અને ત્વરાથી પગથિયા ઉતરી પડી શેરીમાં આવ્યા ત્યારે કોઇ ગાડી નજરે ન પડી. છેવટે એક ગાડીવાનને જોઇ બૂમ પાડી, ગાડીવાને તેમને જલ્દીથી ઘેર પહોંચાડ્યા.

રૂમમા પ્રવેશતા, પતિને આવતી કાલનો ઓફિસ સમય હૈયે ચડ્યો. શશિકલાએ અરિસા પાસે ઉભીને શાલ દૂર કરી છેલ્લી વખત અપૂર્વ શોભા ને રૂપ મહાણવાની તાલાવેલી ઝણઝણી ઉઠી હતી એકાએક તેણે ચીસ પાડી.

પતિએ કહ્યું, "શું છે ? શું છે ?"

"મારા કંઠમાં મારી બહેનપણીની માળા નથી. હવે શું થશે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરાશામાં પતિ ઉઠ્યો, શું ? અશક્ય ! બન્ને જણે પોષાક ફેંદી નાખ્યો. એકે એક ઘડી તપાસી. ખીસ્સા તપાસ્યાં બધુંજ તપાસ્યું પણ માળા ન જ મળી.

પતિએ પૂછ્યું "આપણે નિવાસ સ્થળેથી પાછા ફર્યા ત્યારે તારી ડોકમાં હતી ખરી ?"

તે બોલી, હા, આપણે બહાર આવ્યાં ત્યાં સુધી હતી.

"તો પછી ગાડીમાં પડી ગઇ"

હા, કદાચ આપે તેનો નંબર નોંધી લીધો હતો ?

"ના"

ચિંતા અને ગભરામણમાં એક બીજા સામે બન્ને જોઈ રહ્યા. છેવટે પતિ પોષાક પહેરી, ચાલ્યો, "હું શેરીમાં જાઉ છું. તપાસ કરૂં કે શેરીમાં તો નથી પડીને ?"

શશિકલાનો આરામ ને ઉંઘ ઉડી ગયા.

સાત વાગે પતિ પાછો ફર્યો પણ માળાનો પત્તો ન લાગ્યો. તે પોલીસ ચોકીએ જઇ આવ્યો. ગાડીવાનના ઘેર તપાસ કરી જોઇ, અખબારમાં જાહેરાત પણ આપી. પરત કરનારને ઇનામ સાથે આશાનો તંતુ જયાં દોરે ત્યાં ઘૂમી વળ્યો. શશિકલા રાહ જોતી રહી. સાંજે ઢીલે પગલે અને નિરાશ વદને ઘેર આવ્યો. શશિકલાના મોતયાં મરી ગયાં. હાય ! હવે હું બહેનપણીને શું જવાબ આપીશ ?

પતિએ તોડ કાઢ્યો, તૂં બહેનપણીને લખી નાખ કે માળાના અંકોડો તૂટી ગયો છે. થોડા દિવસમાં રીપેર થઇ જશે. તપાસ કરવામાં આપણને સમય મળશે."

ભૂલના ભોગે શશિકલા ગભરૂં ગાય જેવી બની ગઇ હતી. પતિના સૂચનનો અમલ કર્યો.

સપ્તાહ વીતી ગયું. આશા વીલાઇ ગઈ. પતિ તો ઉમ્રમાં પાંચ વર્ષ મોટો દેખાવા લાગ્યો. તેણે કહ્યું, "આપણે તેવી બીજીજ માળા મેળવવી રહી."

બોકસ પરથી ઝવેરીની દુકાન શોધી કાઢી. ઝવેરીએ કહ્યું, "બેન! મેં આવી માળા વેચી નથી બોકસજ મારા નામનું છે."

ઝવેરીઓની એક પછી એક દુકાને ફરી વળ્યાં. છેવટે એક દુકાને, તેની સખીની માળા જેવી મોતીની માળા જોઈ કીંમત દશ હજાર રૂપિયા; છતાં ઝવેરી નવ હજારમાં આપશે તેમ તેના બોલ પરથી જણાયું.

વિચારોનું ઘમસાણ મચી ગયું કયાંથી આ રકમ મેળવવી ? કેવી રીતે ભેગી કરવી ?....પણ બીજો રસ્તો શો ? ઉછીની વસ્તુ આપ્યા વગર પણ કેમ ચાલે ?

ધરતી પર પગ જડાઈ ગયા છેવટે ઝવેરીને વિનંતિ કરી, "ભાઈ સાહેબ ! ત્રણ દિવસ સુધી આ માળા વેચશો નહિ, અમે આવી ખરીદી લેશું."

પતિએ પોતાના પિતાએ બેન્કમાં મૂકેલી રકમ પર મીટ માંડી—ચાર હજાર....પછી એક સંબધિ પાસેથી પાંચસો, બીજા પાસેથી પાંચસો તેમજ વ્યાજે એમ કરી મેળ મેળવ્યો પણ નાકે દમ આવી ગયો" ધૂનનું કેવું ભયંકર પરિણામ !

પતિ રકમ મેળવી ઝવેરી પાસેથી માળા ખરીદી; પણ દુઃખના ડુંગર તળે ચંપાઈ ગયો.

શશિકલા માળા આપવા સખીને ત્યાં ગઈ, ત્યારે બહેનપણીએ અપ્રિય શબ્દો સંભળાવ્યા.

"તારે તાત્કાલિક આપવા આવવું જોઇતું હતું કારણ કે મારે તેની જરૂર પડી હતી."

શશીકલાને ભય હતો કે બહેનપણી બોકસ ખોલીને જોશે અને કંઈક ફેર લાગશે તો શું જવાબ આપીશ ? કદાચ કોઈ આળ મૂકશે તો ?

જન્મજાત સંસ્કારે તેને ઉંચે ઉઠાવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કશુંજ ન બન્યુ તેથી રાહતનો દમ ખેંચી જલ્દી ઘેર આવી.

શશિકલા નૂતન જીવન માટે કટિબધ્ધ બની ભારે ઋણ અદા કરવાનું હતું. ઋણની નાગચૂડ દૂર કરવા તે મક્કમ હતી. કામવાળીને રજા આપી નાનકડું ઘર ભાડે રાખ્યું. ભાડાનો ભાર હળવો કર્યો રસોઈમાં બનતી કરકસર શરૂ કરી. વાસણો માંજતી, ચીકાશવાળા વાસણ પર ગુલાબી નખથી ચીકાશ દૂર કરતી. કપડાં જાતે ધોતી અને વળગણી પર સુકવતી. કચરો ઉકરડે ફેંકવા જતી, પાણી ભરતી અને જાતેજ વસ્તુ ખરીદવા જતી. પાઈ પાઈ બચાવવા મથતી.

પતિ પણ રાત્રે વેપારીના ચોપડા તૈયાર કરતો આ રીતે દશ વર્ષના વ્હાણાં વાયા વ્યાજ સહિત તમામ ઋણ ભરી દીધું. રાહતનો દમ ખેંચ્યો.

પણ હવે શશિકલાને ઊંમર જણાવા લાગી તે મજબુત અને ખડતલ બની હતી. ગરીબ ગૃહિણી અને ભોળી સ્ત્રી કેશ ગુંફન ચોટલા રૂપ બન્યું હતું. સાળુ પર અનેક ધડીઓ નજરે પડતી હાથ લાલઘુમ બન્યા હતા. અવાજમાં કુમાશને સ્થાને ઘાટો સૂર હતો પણ ક્યારેક જ્યારે તેનો પતિ ઓફિસમાં હોય ત્યારે તે સાંજની પાર્ટી આંતરચક્ષુ સમક્ષ ખડી થતી. કેવા પ્રશંસાના પુષ્પો! કેવી હતી રૂપની શોભા!

પણ જીવન કેવું વિચિત્ર છે! કેટ કેટલું પરિવર્તન પામે છે? એક નાનીશી ચીજ માનવીને કેવી રીતે બચાવે છે અને કેવી રીતે રહેંસી નાખે છે!

રવિવારનો મનગમતો દિવસ મનની આધિ ઉપાધિ ભૂલવા તે બાગમાં ફરવા આવી હતી. એકાએક તેની નજર બાળક લઇને ચાલતી સ્ત્રી પર પડી તેજ તેની બહેનપણી. તદ્દન યુવાન, સુંદર અને મોહક. શશિકલાને વિચાર આવ્યો, મળું તેને? વાત કરૂં તેને? હવે તો દેવું ભરપાઇ થઇ ગયું છે. કોઇની ઓશિયાળ નથી તો હવે તેને બધુ કહેવામાં શો વાંધો?

તે સખી પાસે પહોંચી, બહેન! મઝામાં ને'

પણ તેની સખી તેને ઓળખી શકી નહિ આવી કંગાળ સ્ત્રી પોતાને બોલાવે? અહંકાર કરી રહ્યું તેથી કહ્યું, અરે બાઈ! હું તને ઓળખતી નથી તારી કંઇક ભૂલ થઇ છે.

"ના, બહેન હું શશિકલા"

બહેનપણીના મુખમાંથી આશ્ચર્ય ઉદગાર સરી પડયાં.

"અરે મારી શશિકલા! કેટલી બદલાઇ ગઇ છું?"

"બરાબર! આપને છેલ્લી વખત મળ્યા પછી હું કપરા સમયમાં મૂકાઇ ગઇ હતી. દુઃખ દાયક દશકો તે પણ તારાજ યોગે"

"શું મારે લઇને? એ કેવી રીતે બને?"

"તને યાદ હશે કે મેં તારી મોતીની માળા ઉછીની પ્રસંગ પર પહેરવા માગી હતી."

"એ તો બરાબર"

"પણ મેં તે ખોઇ નાખી"

"તો પછી તું મને આપી ગઇ તેનું શું?"

"તેના જેવી જ બીજી માળા મેં તને પહોંચાડી તેનું મૂલ્ય ચુકવવા અમારે દશ વર્ષ હાડમારી ભોગવવી પડી. ગરીબ માણસ આટલી કિંમત કેવી રીતે ચુકવી શકે? હવે તે પુરૂં થઇ ગયું છે તેથી જ હું હવે સુખી છું"

"શું તું એમ કહેવા માગે છે એ મોતીની માળા માટે તેં નવી સાચા મોતીની માળા ખરીદી?"

શશિકલાએ કહ્યું, "તમે નહિ તપાસી હોય મોતી એક સરખા જ હતા."

તેમ કહી, ગૌરવપૂર્વક અને નિર્દોષ આનંદ પૂર્વક મંદ મંદ હસી.

તે સાંભળી સખીનું હૈયું ભરાઈ આવ્યું. તેના બન્ને હાથ પકડી, કહયું "અરે, મારી બ્હેની મારા તો એ મોતી ફટકિયા હતાં. તેની કિંમત તો પુરા બસો પણ નહિં."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન

રતિલાલ માણેકચંદ શાહ–નડીઆદ

" સમકિત ગુણ પ્રકટયા પછી, સઘળા દોષ દબાય સિંહના,
એકજ નાદથી પશુઓ ત્રાસી જાય " ૧

" ગુણી રાગી સમકિત ધરા, ગુણ દેખે ત્યાં જાય,
ગુણ આદર ભૂલ નહિ, ગુણ તન્મય થઇ જાય " ૨

" મિથ્યાદૃષ્ટિ જીવને સંસારે બહુરાગ, દેવગુરુને ધર્મમાં,
પરંપરા અનુવાદ " ( ગતાનુગતિકતા ) ૩

" મિથ્યાદૃષ્ટિ જીવડા, ધર્મ કરે બહુ પર, પ્રાય:
અંધ પરંપરા રહે ઘેરના ઘેર " ( ધર્મનું ફલ પામે નહિ ) ૪

" મિથ્યાદૃષ્ટિ જીવને, નહીં પરમારથ જ્ઞાન,
અંધો દોરે અંધને એવાં તસ અનુષ્ઠાન. ૫

વિષય પ્રતિ ભાષજ્ઞાન, સમકિત ધારી જીવને, સત્ય સ્વરૂપ જ સમજાવે છે, તેથી સારાં–ખોટાનો તુરત ખ્યાલ આવી જતાં ખોટું છોડીને, સાચાનો આદર કરે છે. પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવને વિષય પ્રતિ ભાષજ્ઞાન ( નવપૂર્વ ઝઝેરું જ્ઞાન દૃષ્ટિ થાય તો પણ ) અવળી હોવાથી, ( સંસાર તરફ ઢળેલી હોવાથી ) ભવાભિનંદી દશાનું જોર હોવાથી, સંસારના પૌદ્ગલિક સુખોનો રાગ, ઠાંસી ઠાંસીને ભરેલો હોવાથી, સુદેવ–સુગુરુ–સુધર્મની શ્રદ્ધા આવવા દેજ નહિ. તેથી બાહ્ય ક્રિયાઓ વખતે આચરે, જૈન મુનિપણું પણ આદરે. શાસ્ત્રો પણ ભણે, ઉગ્ર વ્રત–તપ પણ કરે. પણ અતિ ઉંડાણમાં ભવાભિનંદી દશા બેઠેલી હોવાથી, જેમ મહા ભયંકર વમનના રોગીને, ઘેબર જેવાં અમૃત ભોજન ભાવે નહિ. અને ભાવે તો પેટમાં ટકે નહિ, તેમ શ્રી વીતરાગ શાસનની રત્નત્રયી, આત્મા સાંભળે તો ગમે નહિ, અને ગમે તો પણ સ્વર્ગાદિનાં સુખો મેળવવાના ધ્યેયથી આચરે પાળે પણ ખરી. પરંતુ ઘાણીના બેલીની જેમ ફરી ફરીને પાછા ઘેરના ઘેરની પેઠે ફરી ફરીને સંસારમાંજ પરિભ્રમણ કરવાનું ચાલુ રહે છે. માટે મિથ્યાદૃષ્ટિ વિષય પ્રતિભાષજ્ઞાન માત્ર જગતની માન–પાન–મોટાઈ અપાવે; પરંતુ સંસાર ઘટે નહિ. બીજું આત્મ પરિણતિમત્ જ્ઞાન આત્માને ઉર્ધ્વગતિ તરફ દોરી જવાની જ પ્રેરણા કરે છે. ચોમેર સંસારની અસારતા જ દેખાડે છે, સંસારને અંધારા કૂવા જેવો સમજે છે, ઝેરી વૃક્ષની છાયા જેવો, કિનારા અને વહાણ વગરના પ્રચંડ સમુદ્ર જેવો, ચોરો, સર્પો અને રાક્ષસોથી ભરેલી અટવી જેવો સંસાર સમજમાં આવે છે. અને ક્રમસર આત્માને મોક્ષની સમીપ લઈ જાય છે.

ત્રીજું જ્ઞાન–તત્ત્વ સંવેદન જ્ઞાન છે, આત્માનાં સાચાં તત્ત્વોનો અત્રે પ્રકાશ થાય છે, કરવા યોગ્ય અને ત્યાગવા યોગ્ય બરાબર નક્કી થઈ જાય છે. અનિત્યાદિ ભાવનાઓનું આહીં તાદાત્મ્ય અનુભવાય છે. મૈત્યાદિ ભાવનાઓથી આત્મા વાસિત બને છે. સ્થિરાકાન્ત, પ્રભા અને પરા આત્માની-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દૃષ્ટિઓ આંહી સૂર્યનાઉગવાથી જેમ કમળ ખીલી ઉઠે છે તેમ આત્માનેઓ વિકાસ થાય છે.

એટલે આત્મ સ્વરૂપની વાસ્તવિકતાનો ખ્યાલ કરાવે તે જ્ઞાન કહેવાય છે. માત્ર જગતના પદાર્થો બતાવ્યા સિવાય, આત્માના ભવાભિનંદિ પણામાં જરાપણ ફેરફાર લાવેજ નહિ તેવા જ્ઞાન સાચા સ્વરૂપમાં અજ્ઞાન તરીકે ઓળખાવ્યા છે.

વીતરાગ ભગવંતોએ જ્ઞાનની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, આત્મસ્વરૂપને સમજાવે, આત્મસ્વરૂપની નિકટ લાવે અને આત્મસ્વરૂપમાં તન્મય બનાવે તે જ્ઞાન કહેવાય છે.

"આત્માનમાત્મના વેત્તિ મોહત્યાગાદ્દ્ય આત્મનિ તદેવ તસ્ય ચારિત્રં । તદ્જ્ઞાનં તદ્ દર્શનં ।।"

અને કેવળ સંસારના પૌદગલિક સુખોમાંજ પ્રેરણા કરે, પાંચ ઇંદ્રિયોના તેવીસ વિષયોના તળાવમાં આત્માને ડૂબાડી નાખે તેને જ્ઞાન કેમ કહેવાય ? અર્થાત્ અજ્ઞાન જ કહેવાય.

શરીર અનંતા થયાં તે બધાં થતાં ગયાં અને વિનાશ પામતાં ગયા. પોતાની અજ્ઞાનતાને કારણે શરીરને જ હું પોતે છું એમ જ માનીને શરીરના સુખ-દુઃખની માલિકી પણ પોતે જ સંભાળી લીધી,

"શરીરની સગવડમાં ચેતન! ખોયો કાળ અંનતોરે।
આતમ સમજણ ક્યાંય ન આવી, દેહને આપ
આપ મનંતોરે"
પ્રત્યેક ભવમાં શરીસારું, તારું હિત ન કીધું રે."
તેજ શરીરે તુજને ચેતન ! દુખ અનંતુ દીધું રે"
તું જાણે છે શરીર મારું, પણ છે તે તુજ વયરીરે।
પાપ કરાવી ચાર ગતિમાં, રાખ્યો તુજને વૈરીરે."

શરીરમાં તું પોતે સૂર્યના જેવા પ્રકાશવાળો હાજર હોવાં છતાં અજ્ઞાન અંધકારના કારણે સમુદ્રો અને નદીઓ જેટલા પાણી પીધાં અને મેરૂ જેવડા હજારો ઢગ ખડકાય તેટલા ખોરાક લીધા, તો પણ તને તૃપ્તિ થઈ નહિ, તૃષાનો અંત આવ્યો નહિ અને ખાન-પાન મેળવવાની તુચ્છ ભાવનામાં અનંત શક્તિનો માલિક એવો તું ચેતન આત્મા પ્રત્યેક સમયે સાવ રાંકા જેવો જ જણાયો છે.

અનંતાનંત સંસારમાં, પ્રત્યેક ભવો બદલાતાં માતાઓ પણ (પ્રાયઃ વિશેષે પશુગતિ અને હજારો ભવો બાદ ક્યારેક મનુષ્ય ગતિમાં) અનંતાકાલે અનંતી થઈ. તેનું પયપાન આરંક જીવે અનંતુ પીધું તે બંધુ એકઠું કરવામાં આવે તો લવણ સમુદ્રના પાણી કરતા પણ વિશેષ થઈ જાય.

અજ્ઞાની તપસા જન્મ-કોટિભિઃ કર્મ યન્નયત્ ઃ ।
અન્તંજ્ઞાન તપોયુક્તસ્તત્ક્ષણે નૈવ સંહરેત્ ઃ ।।
જ્ઞાન યોગ સ્તપઃ શુદ્ધ મિત્યાહુર્મુનિ પુઙ્ગવાઃ ।
તસ્માન્નિકા ચિત સ્યાપિ કર્મણો પુજ્યતે ક્ષયઃ ।।

અજ્ઞાની જન્મ કોટિયો વડે તપથી જે કર્મ ક્ષય કરે, તે કર્મને જ્ઞાનતપ યુક્તજ્ઞાની એક ક્ષણમાં દૂર કરે છે, માટે જ્ઞાન યોગ તપ શુદ્ધ છે, કારણ કે જ્ઞાનયોગ તપથી નિકાચીત કર્મનો લય થાય છે, અધ્યાત્મજ્ઞાન પૂર્વક તપ કરવાની મહત્તા જે દર્શાવી છે તે મનન કરવા યોગ્ય છે. અધ્યાત્મજ્ઞાન વિના અજ્ઞાનીઓનાં કર્મો ચિત્તની શુદ્ધિ કરવામાં સમર્થ થઈ શકતા નથી.

જેમ દીપક પદાર્થોને પ્રકાશીત કરે છે, તેમ પોતાને પણ પ્રકાશિત કરે છે, પોતાને પ્રકાશીત કરવાને બીજા દીવાની જરૂર પડતી નથી. તેમ જ્ઞાન બીજા પદાર્થોને પ્રકાશીત કરે છે. એવી જ રીતે પોતાને પણ પોતા વડે પ્રકાશીત કરે છે. તેને પોતાને પ્રકાશીત કરવાને બીજા આત્માની જરૂર પડતી નથી. એટલે આત્માનો ધર્મ સ્વ-પરને પ્રકાશ કરવાનો, જાણવાનો છે. જ્ઞાન અને આત્માનો અભેદ સંબંધ છે.

જ્ઞાના વરણ કર્મનાં તમામ આવરણો વિશુદ્ધ ધ્યાનથી દૂર થતાં, ઇંદ્રિય તથા મનાદિની મદદવડે થયેલું ક્ષાયોપશમિક જ્ઞાન નિવૃત્ત થાય છે અને નિત્ય ઉજ્વલ ક્ષાયક જ્ઞાન પ્રગટ થાય છે. આ સર્વોત્કૃષ્ટ અને વ્યાઘાત વિનાનું ક્ષાયિક જ્ઞાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂત ભવિષ્ય અને સાંપ્રત કાળમાં થઈ ગયેલાં, છતા અને અછતા પ્રત્યેક પદાર્થોને એક સાથે જાણે છે, અને જુવે છે. અછતા પદાર્થો તે કહેવાય છે કે જે અતીત કાળમાં થઈ ગયા અને અનાગત કાળમાં થવાના છે. અતીત અને અનાગત પ્રત્યેક પદાર્થો પોતપોતાના કાળમાં જેમ રહેલા હોય, તેમ સાંપ્રત કાળમાં કેવળજ્ઞાનીઓ જાણે છે. જો આ જ્ઞાન એકી કાળે એકી સાથે સર્વ પદાર્થોને ન જાણતું હોય તો તે એક પણ પદાર્થને કોઈ વખત જાણી ન શકે, કેમકે એક પદાર્થમાં અનંત પર્યાયો હોય છે; તે બધાને જો જ્ઞાન એક પછી એક અને અનુક્રમે જાણવા માંડે તો ઘણા કાળે જાણી ન શકે, માટે ત્રણે કાળના પદાર્થોને આ જ્ઞાન એકી સાથે જાણી શકે છે.

આત્મા જ્ઞાન પ્રમાણ છે. જ્ઞાન એ જ્ઞેય પ્રમાણે છે, જ્ઞેય એટલે જાણવા યોગ્ય કોઈ પણ પદાર્થ જ્યાં જ્યાં જાણવા યોગ્ય કોઈ પણ પદાર્થ છે ત્યાં ત્યાં જ્ઞાન તેને જાણે છે. આ જ્ઞેય લોક અને અલોક રૂપ વિશ્વ છે. અર્થાત આખું વિશ્વ જાણવા યોગ્ય છે. માટે જ્ઞેયની સાથે જ્ઞાન પણ સર્વત્ર છે. જેમાં આ જડ અને ચેતન રહેલાં છે, તેને લોક કહેવામાં આવે છે. અને જ્યાં કેવળ આકાશ છે; બીજાં કોઈ પણ પદાર્થો જ્યાં નથી તેને કહેવામાં આવે છે. આ લોકાલોક એ જ્ઞાનનો અલોક વિષય છે, અર્થાત્ જ્ઞાન તેને જાણી શકે છે, માટે જ્ઞાન પણ આ અપેક્ષાએ વિશ્વ વ્યાપિ છે. કર્મના બંધનમાંથી મુક્ત થયેલાં આત્માનું જ જ્ઞાન વિશ્વને જોઈ શકે છે. બાકી સામાન્ય જીવોનું જ્ઞાન તો જ્ઞાનાવરણ કર્મના આવરણથી દબાયેલું હોવાથી તે અમુક મર્યાદા પ્રમાણે જ જાણી શકે છે. જો આત્માથી જ્ઞાન અધિક હોય અથવા આત્માથી જ્ઞેય-જાણવા યોગ્ય પદાર્થ અધિક હોય તો જ્ઞાન અને આત્માનો લક્ષ્ય-લક્ષણ ભાવ ગુણ-ગુણીભાવ નજ બની શકે, જ્ઞાન ગુણ છે અને ગુણવાળો આત્મા ગુણી છે. ગુણને મૂકીને ગુણી ન હોય અને ગુણીને મૂકીને ગુણ ન હોય. આમ ગુણ ગુણીનો તદ્રુપ સંબંધ છે. બેમાંથી એકનો અભાવ કરતાં બન્નેનો અભાવ થાય છે, અને જ્યાં એકની હૈયાતિ હોય ત્યાં બીજાની પણ હૈયાતિ હોયજ. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો હોવાથી જ્યાં જાણવા યોગ્ય પદાર્થ છે ત્યાં તેને જાણનાર હોય જ અને તે જ્ઞાન છે, જ્ઞાનાવરણ કર્મથી છૂટો થયેલ આત્મા તેના જ્ઞાન ગુણથી વિશ્વને જાણી શકે છે; આ જ્ઞાતા ગુણ વડે-આ જ્ઞાતા ગુણની અપેક્ષાએ આત્મા વિશ્વવ્યાપી ગણાય છે.

જેમ દૂધમાં નાંખેલું ઈન્દ્રનીલ રત્ન પોતાના તેજ વડે દૂધને સર્વ બાજુએથી વ્યાપી રહે છે, બધું દૂધ તેની પ્રભાવડે લીલું દેખાય છે, લીલાશ દૂધમાં સર્વત્ર વ્યાપિ રહે છે, તેમ જ્ઞેય જાણવા યોગ્ય પદાર્થ ઉપર-પદાર્થની અંદર નાખેલું જ્ઞાન મૂકેલું જ્ઞાન તે જ્ઞેયમાં બધી બાજુથી વ્યાપી રહે છે, અર્થાત્ પ્રત્યેક વસ્તુને જાણે છે. રત્ન એ સ્થળે રહેવાં છતાં તેની પ્રભા દૂધમાં વ્યાપિ રહે છે. તેમ આત્મા એક સ્થાને રહેવા છતાં તેનું જ્ઞાન સર્વ પદાર્થનો બોધ કરી લે છે.

જેમ ચક્ષુઓ રૂપને-પદાર્થને ગ્રહણ કરે છે છતાં રૂપ સ્વરૂપ-પદાર્થ સ્વરૂપ નયનો થઇ જતાં નથી, તેમ જ્ઞાન, જ્ઞેય-જાણવા યોગ્ય પદાર્થને જાણે છે, છતાં તે પદાર્થ સ્વરૂપ થઈ જતું નથી. દૂર રહેલા પદાર્થને પણ જ્ઞાન સ્વાભાવિક રીતે જાણી શકે છે.

જ્ઞાનીની એ દૃઢ માન્યતા હોય છે કે, હું કોઈનો નથી અને મારું કોઈ અન્ય કોઈ નથી. પ્રત્યેક પદાર્થો મારાથી પર છે, આ પ્રમાણેની માન્યતાવાળો યોગી, ત્યાગી બંધા કર્મો ધ્રુજાવે છે. મારા-તારા પણાના વિકલ્પો દૂર થતાં આત્મા પોતાના સ્વરૂપમાં આવી રહે છે. એ સ્વરૂપ સ્થિરતાની પ્રખર ઉષ્માથી-ગરમીથી કર્મનો રસ શોષાઈ જાય છે. રસ દૂર થતાં પવનના ઝાપટાથી સૂકા પાંદડાઓ જેમ ધ્રુજી ઊઠી ખરી પડે છે, તેમ કર્મો નિર્જરી જાય છે, આત્માથી અલગ થાય છે અને તેમ થતાં આત્મા ઉર્ધ્વગતિ તરફ આગળ વધે છે અને પૂર્ણતાને પામે છે.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોક્ષ સુખ

## ( જૈન કથાનક )

હિન્દી
ગુ. અનુવાદક : **પી. આર. સલોત**

કનોજ દેશમાંથી લાવેલ સુંદર અશ્વ અરહન્નકે જિતશત્રુ રાજાને ભેટ સ્વરૂપે આપ્યો. અશ્વપર આરૂઢ થઈને રાજા ફરવા નીકળી પડયા.

અશ્વ તેજસ્વી હતો. તેથી થોડા સમયમાં સાથે રહેલા લોકોથી ખૂબ આગળ નીકળી ગયો. અને શહેરની બહાર વનમાં પ્રવેશ કર્યો. રાજા વનમાં રસ્તો ભૂલ્યા.

એક તો ગરમીની મોસમ; ઉપરાંત આખો દિવસ અશ્વ પર બેસીને દોડ-ભાગ કરેલી. તેથી રાજાને ખૂબ તૃષા લાગી. પણ જળ કયાંથી મળે? વનમાં કયાંય પાણી નજરે પડતું ન હતું. છેવટે જયારે અશ્વ એક ઘટાદાર વૃક્ષ નીચે આવીને ઉભો ત્યારે રાજા નીચે ઉતર્યા.

સદભાગ્યે તે દિવસે એક ભીલ યુવાન શિકારની ખોજમાં ત્યાં આવી ચડયો. રાજા મૂર્ચ્છિત થયા બાદ થોડી જ વારમાં તે ત્યાંથી પસાર થતો હતો. કોઇ માનવીને મૂર્ચ્છિત દશામાં નિહાળી, ત્યાં આવ્યો. તેના મુખ ઉપર પાણી છાંટવા લાગ્યો. શીતળ પાણીથી રાજાની મૂર્છા વળી, રાજાએ પાણી માંગ્યું. ભીલ જુવાને ચામડાના થેલામાંથી જળ ભરી, રાજાને પીવા આપ્યુ. પાણી પીધા બાદ રાજા સ્વસ્થ બન્યા. ભીલે પોતાની પાસે રહેલ રોટી તથા ફળફૂલ રાજાને ખાવા માટે આપ્યાં.

રાજાને રોટી તેમજ ફળફૂલ અમૃત સમાન લાગ્યા. રાજાએ કહ્યું, " તમે મને આજે નવું જીવન આપ્યું છે." તમારા ઋણમાંથી હું કદી અનૃણ નહીં બની શકું ભીલ જુવાને કહ્યું, "મેં કશું નવીન કર્યું નથી. ભૂખ્યા અને તૃષાતુર માનવીને રોટી-જળ આપવાં તે તો મનુષ્યનું સામાન્ય કર્તવ્ય છે,

તે સાંભળી રાજા ખૂબ પ્રસન્ન થયા. વિચારવા લાગ્યા, " જેને લોકો જંગલી કહે છે તેમનામાં કેવી માનવતા મ્હેંકી રહી છે ? " રાજાએ તેના ખભા ઉપર હાથ મૂકી કહ્યું, " ભાઇ ! હું અહિંનો રાજા છું. પરંતુ અત્યારે મારી પાસે કશું નથી જે તમારી સેવા યોગ્ય બને " કોઇ દિવસ શહેરમાં તમે આવો તો જરૂર રાજમહેલમાં આવજો. ત્યારે........"

" આમાં લેવા દેવાની કયાં વાત છે ? મેં આપને રોટી-પાણી થોડા વેચ્યા છે ? "

રાજાની આંખોમાં પાણી ઉમટયા. તેમણે કહ્યું, "એમ નહીં. છતાં એક વખત રાજમહેલ જરૂર આવજો, "

" શું રાજમહેલ કહીશ એટલે લોકો સમજી જશે ? તમારૂં ઠેકાણું સરનામું શું છે ? "

તેની સરળતા પર રાજા હસી પડયા. કહ્યું, " તેની કોઇ જરૂરત નથી. રાજમહેલ કહેશો એટલે લોકો સમજી જશે. તમને મકાન બતાવશે. શું આવશોને ? ભીલે મસ્તક હલાવી, હા કહી. " ચાલો, તમને રસ્તે ચડાવી દઉં.

લગભગ બે માસ પછી ભીલ યુવાન શહેરમાં આવ્યો. લોકોને પૃછયું, " ભાઈ ! રાજમહેલ કઈ તરફ છે ?

લોકોને આશ્ચર્ય થયું પણ રસ્તો બતાવ્યો. રાજમહેલ સમક્ષ આવતાં, બીચારો ભીલ સ્તબ્ધ બની ગયો. આ આદમીનું આવડું મોટું મકાન?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આટલા બધાં સિપાઇઓ ? જેવો તે અંદર જવાં લાગ્યો કે તરત જ એક પહેરગીરે આવીને રોકયો પૂછ્યું, " તારે કયાં જાવું છે ?

ભીલ યુવકે કહ્યું, " ભાઇ ! અહીં રાજા રહે છે તેને મળવા જાઉં છું.

પહેરગીરે મોં બગાડી કહ્યું, " રાજાને મળવા જાય છે ! જવાન, સંભાળીને બોલ શું ભાંગ પીને આવ્યો છે ?"

કદાચ તે દિવસે ધકકા ખાઇને પાછું જવું પડત પણ ભાગ્યવશાત્ મહેલની બારીમાંથી રાજાની નજર તેના પર પડી જોતાં જ, રાજા દોડતા આવ્યા અને સન્માન પૂર્વક અંદર લઈ ગયા.

જેમ જેમ ભીલ મહેલને જોતો ગયો તેમ તેમ આશ્ચર્ય ચકિત થતો ગયો. વિચારવા લાગ્યો, કેવા મોટાં ઓરડા છે ? કેવા સુંદર બનાવ્યા છે ? કેટલા બધાં સેવક-સેવિકા ? પણ જયારે રાજાએ તેને મુલાયમ ગાદી પર બેસાડયો ત્યારે તેને લાગ્યું કે તે કોઈ આસન ઉપર બેઠો જ નથી.

તેની સાથે રાજા જમવા બેઠા. સોનાની થાળીમાં સોનાના વાટકા હતા. કેટકેટલી વાનગીઓ અને અનેક મીઠાઇઓ, આવી પુરી કે કચોરી તેણે જીવનમાં કયારે જોઈ ન હતી. તે ખાતાં સ્વાદ અને સુગન્ધથી તરબોળ બની ગયો.

ખાન પાન બાદ રાજાએ તેને સાથે લઈ સર્વ બતાવ્યું. તે જોઇને તે આવક બની ગયો. આ તે સર્વ સ્વપ્ન છે કે સત્ય છે ? આ દોલત ! મનુષ્ય આટલી સાહ્યબી ભોગવે છે તે તો તેની કલ્પનાથી પર હતું.

રાજાના આગ્રહથી તેણે ત્રણ ચાર દિવસ મહેલમાં પસાર કર્યા. ત્યારબાદ તેનું મન વનમાં જવા તલસી રહ્યું, અહીં તેણે જે જોયું, સાંભળ્યું, અનુભવ્યું તે સર્વે કુટુંબીજનોને કહેવા મન ઝંખતું હતું. રાજાએ ખૂબ આગ્રહ કર્યો પણ તે ન રોકાયો.

જયારે ભીલ વનના રસ્તે જતો હતો ત્યારે પગ તો જાણે જમીન પર પડતા જ ન હતા. જાણે પોતે હવામાં ઉડી રહયો છે !

જયારે તે સ્વજનો, કુટુંબીજનોને મળ્યો ત્યારે સર્વ પૂછવા માંડયું, " તમે ત્યાં શું જોયું ? શું ખાધું ?"

પરંતુ તે આ ચીજોના નામ જાણતો ન હતો. જાણતો હોય તો પણ આ લોકો તે સમજી શકે ખરા ? તેથી પોતે કહેવા લાગ્યો, " અહા ! કેવું સરસ જોયું ? અહા ! કેવું સરસ ખાધું ! શું તેનો સ્વાદ ! અરે ! કેવું મીઠું ! "

એક જણે પૂછ્યું, " શાંખાલૂ જેવું ? "

અરે, ના તેનાથી ઘણું મીઠું-ખૂબ સ્વાદભર્યું એથી વિશેષ કહેવાને તેની પાસે કોઈ શબ્દ ન હતા કે ન હતી કોઈ ઉપમા.

પ્રભુ મહાવીરે આ કથા સંભળાવી અને કહ્યું, " જેવી રીતે ભીલ રાજમહેલના સુખોને અને તેને મળેલ આનન્દને વ્યકત કરી ન શકયો તે પ્રકારે જે આત્મા મોક્ષ સુખ મ્હાણે છે તે પણ મોક્ષ સુખ અને આનન્દને વ્યકત કરી શકતા નથી. તેનો તો ફકત અનુભવ જ થાય. વ્યકત થઈ શકે નહિ. "

" તિત્થયર "ના સૌજન્યથી

---

જીવ દયા હેતે કરી ફાનસ,
દીપ પ્રગટ કર ધરીયે રે;
જિનપતિ દક્ષિણ અંગ ઠવીને
અજ્ઞાન તિમિર દલ હરિયે રે

**પંડિત શ્રી ઉત્તમવિજયજી**

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## આમંત્રણ

પરમપૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજનો ૧૪૮મો જન્મજયંતી મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર ચૈત્ર શુદી ૧ ને તા. ૨–૪–૮૪ સોમવારના રોજ રાધનપુર નિવાસી શેઠશ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઈના સહકારથી આ સભા તરફથી ઉજવાતો હોવાથી દર વર્ષ મુજબ શ્રી સિદ્ધાચલજી ઉપર સવારના શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં પૂજા ભણાવવામાં આવશે અને તીર્થયાત્રા કરવામાં આવશે. શેઠશ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઈ અને શેઠશ્રી કપુરચંદ હરીચંદ (માચીસવાળા) તથા તેમના ધર્મપત્ની અ. સૌ. અનોપબેન અને શેઠશ્રી વૃજલાલ ભીખાભાઈ અને શેઠશ્રી નાનચંદ તારાચંદ સપરિવાર તરફથી ગુરૂભક્તિ તેમજ સ્વામીભક્તિ કરવામાં આવશે. તો સભાસદ બંધુઓ અને બહેનોને પધારવા નમ્ર આમંત્રણ છે.

ઠેકાણું
મહારાષ્ટ્ર ભુવન ધર્મશાળા
**પાલીતાણા**

લી.
શ્રી જૈન આત્માનંદ સભા
**ભાવનગર**


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** (પૃષ્ઠ સંખ્યા–૨૨૪) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**
ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભાના ઉપક્રમે
## સં. ૨૦૪૦ ના માહ માસમાં યોજાયેલ યાત્રા

જે દાતાઓ તરફથી અનામત ફંડ માટે રકમ મળી છે તેમના જ ખર્ચે આ યાત્રાનું સુંદર આયોજન થયું હતું. સભ્યોએ સારી સંખ્યામાં હાજર રહી, પ્રોત્સાહન આપ્યું હતું. પૂ. સાધુ મહારાજ સાહેબો તેમજ સાધ્વીજી મહારાજ સાહેબોની ભકિતનો લાભ સારો મળ્યો હતો. ચા નાસ્તા તેમજ બપોરના ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા અભિનંદનને પાત્ર હતી. સભ્યોએ તે બાબતની મુકત કંઠે પ્રશંસા કરી હતી.

ચૈત્ર માસનો યાત્રા દિન નજીક આવી રહયો છે તે સમયે આપ સર્વ સભ્યો પાલીતાણા મુકામે હાજર રહી, સંસ્થા પ્રત્યેની ફરજ પ્રેમપૂર્વક બજાવશો એવી નમ્ર વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

---

## શ્રી જૈન આત્માનંદ સભાના ઉપક્રમે મહા માસમાં

# શ્રી શાશ્વતા તીર્થ શત્રુંજયની કાયમી યાત્રાનું આયોજન

શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) ના દરેક સભ્ય મહા માસમાં પુનિત યાત્રાનો લાભ મેળવી શકે.

### તેમજ

દાતાઓ અને તેમના પરિવાર પૂ. સાધુ મહારાજ સાહેબો તથા પૂ. સાધ્વીજીઓની ભકિતનો લાભ મેળવી શકે તે માટે નીચેના દરેક ગૃહસ્થ તરફથી રૂા. ૨૫૦૦ ની રકમ સંસ્થાને અનામત ફંડ માટે મળી છે. તે માટે સંસ્થા તેમને અભિનંદન આપે છે.

(૧) શ્રી વનમાળીદાસ ગોરધનદાસ (પચ્છેગામવાળા) તરફથી

(૨) શ્રી ખીમચંદભાઈ પુરુષોત્તમદાસ શાહ (બારદાનવાળા) અને તેમના ધર્મપત્ની હરકોરબેન જેરામભાઈ શાહ તરફથી હ. મહાસુખભાઈ

(૩) શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત તથા તેમના ધર્મપત્ની હસુમતિબેન પોપટલાલ તરફથી.

(૪) સ્વ. વોરા હડાચંદ ઝવેરચંદના ધર્મપત્ની સ્વ. હેમકુંવરબેન તરફથી.
હ. ભૂપતરાય નાથાલાલ શાહ ( દરબારગઢવાળા )

(૫) સલોત કાન્તિલાલ રતિલાલની પુત્રી કુમારી વનિતા કાન્તિલાલ સલોત તરફથી.

---

તા. ક. : માગશર માસમાં ઘોઘા તીર્થની યાત્રા માટેની વિચારણા ચાલે છે. ઉત્સાહી અને તીર્થ અને તીર્થયાત્રા પ્રેમી ભાઇઓ તરફથી ત્રણ નામો આવી ગયા છે. તેથી જે કોઇ અનામત ફંડ (યાત્રા માટેના) માં ૨૫૦૦) રૂા. આપી, દર વર્ષે યાત્રા કરાવવાનો લાભલેવા ઈચ્છતા હોય તેઓ પોતાના નામ વહેલી તકે સંસ્થાની ઓફિસે આપી જાય તેવી નમ્ર વિજ્ઞપ્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાઇબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ઠિ શલાકા પુરૂષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ.શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકું બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરૂભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :— **શ્રી જૈન આત્માનંદ સભા** ખાર ગેઈટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર )

પોસ્ટેજ અલગ


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only